ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૦૫/૨૦૨૩, તા.૦૨/૦૧/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૬/૧૨/૨૦૨૨ થી તા.૦૧/૦૧/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

(૧) તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બાલુબા વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓની મુલાકાત કરી ઘરેલુ હિંસા તથા સાયબર ક્રાઇમ વિષેની જાણકારી આપવામાં આવી. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવેલ.

(૨) તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચમ સ્કૂલની મુલાકાત કરવામાં આવી તે વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવ્યુ તથા સ્કૂલમા યોજાયેલ વિજ્ઞાન મેળામાં હાજરી આપવામાં આવી.

(૩) તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા એમ.કે.ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામા આવી. બાળકોને પોલીસ સ્ટેશનની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ ફરવામાં આવેલ.

(૪) તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મોઢા કોલેજ /ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ ફરવામાં આવેલ. તેમજ કોલેજના વિદ્યાર્થીનીઓને કોલેજની છોકરીઓને ગુડ ટચ બેડ ટચની જાણકારી આપવામાં આવી.

(૫) તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા જાવર પ્રાથમીક શાળાના બાળકો ને પોલીસ સ્ટેશનની મુલાકાત કરવવામાં આવેલ અને તેઓને પોલીસની કામગીરીની માહીતગાર કરવામાં આવ્યા.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી:-**

(૧) તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ૧૮૧ હેલ્પલાઈન ના ત્રણ સેમીનાર માં હાજરી આપેલ.

(૨) તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં મહિલાઓની તથા સીનિયર સીટીજનની મુલાકાત લઈ કોઈ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા જણાવેલ.

(૩) તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બંગડી બજાર વિસ્તારમાં મહિલાઓને તેમજ સીનિયર સીટીજનનોને મુશ્કેલીમાં હોય ત્યારે પોલિસની મદદ લેવા જણાવેલ.

(૪) તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વાડીપ્લોટ વિસ્તારમાં મહિલાઓને તેમજ સીનિયર સીટીજનનોને મુશ્કેલીમાં હોય ત્યારે પોલિસની મદદ લેવા જણાવેલ.

(૫) ૦૧/૦૧/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં મહિલાઓને તેમજ સીનિયર સીટીજનનોને મુશ્કેલીમાં હોય ત્યારે પોલિસની મદદ લેવા જણાવેલ

(૬) તા.૨૬/૧૨/૨૦૨૨ થી તા.૨૬/૧૨/૨૦૨૨ દરમ્યાન હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સી-ટીમના કર્મચારી તથા સ્ટાફના માણસો દ્વારા ઓડદર વિસ્તારમાં મહીલાઓને જરૂરી સ્વરક્ષણ બાબતે માર્ગદર્શન આપેલ. તેમજ સી-ટીમ તથા ૧૦૦ તથા ૧૮૧ વિશે માર્ગદર્શન આપેલ અને મોડી રાત્રીના કામકાજના સ્થળેથી આવવા-જવામાં કોઈ હેરાનગતી કે મુશ્કેલી જણાય આવ્યે થી તુરંત જ જાણ કરવા સમજ કરેલ. તેમજ જાવરગામના રીક્ષા ચાલકોને મોડીરાત્રીના કામકાજ પરથી નકળતી મહીલાઓને સુરક્ષીત ઘરે પહોચાડવા સમજ કરેલ.

જે આપશ્રીને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર